એશિયન પેરા ગેમ્સ

શીતલના બે ગોલ્ડ, એથ્લેટિક્સમાં ભારતનું વર્ચસ્વ યથાવત

21 ગોલ્ડ, 26 સિલ્વર અને 41 બ્રોન્ઝ મેડલ મળીને કુલ 88 મેડલ સાથે ભારત મેડલ ટેલિમાં ચોથા સ્થાને

પેરા એથ્લેટિક્સમાં ભારતે 18 ગોલ્ડ, 16 સિલ્વર અને 18 બ્રોન્ઝ મળીને કુલ 52 મેડલ જીત્યા

પુરુષોની હાઇ જમ્પ T63 ઇવેન્ટમાં શૈલેષ કુમારની આગેવાનીમાં ભારતીય એથ્લેટ્સે ક્લીનસ્વીપ કર્યું

મહિલા અને પુરુષોની 400 મીટર T47 રેસમાં અંજના બુમ્બાડિયા અને દિલીપ ગાવિતે ગોલ્ડ જીત્યો

પેરા સ્વિમિંગ : રવિની મેડલની હેટ્રિક, ચાર ભારતીય સ્વિમર્સે મેડલ જીત્યા

નાગોયા, તા. 22 (પીટીઆઇ) : કિશોર ભારતીય પેરા-સ્વિમર રવિ બુડિગીનાએ ગુરુવારે અહીં એશિયન પેરા ગેમ્સમાં પુરુષોની 50 મીટર ફ્રીસ્ટાઇલ S13 ઇવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીતીને મેડલની હેટ્રિક પૂર્ણ કરી, જ્યારે ત્રણ અન્ય ભારતીય સ્વિમર કપિલ કુમારે સિલ્વર, સ્વાતિક પાટિલ અને તેજસ નંદકુમારે પોતપોતાની ઇવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો. આનાથી સ્વિમિંગમાં ભારતના કુલ મેડલની સંખ્યા 10 થઇ ગઇ, પરંતુ દેશના સ્વિમર્સ હજુ પણ વર્તમાન ગેમ્સમાંથી એક પણ ગોલ્ડ મેડલ જીત્યો નથી. આ અઠવાડિયાની શરૂઆતમાં, રવિએ પુરુષોની S13 શ્રેણી 100 મીટર બેકસ્ટ્રોક અને ફ્રીસ્ટાઇલ ઇવેન્ટ્સમાં પણ સિલ્વર મેડલ જીત્યા હતા. ત્યારબાદ 24 વર્ષીય સ્વાતિકે પુરુષોની 100 મીટર બ્રેસ્ટસ્ટ્રોક SB9 ઇવેન્ટમાં 1:13.77 સેકન્ડના સમય સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો.

પેરા એશિયાડ બેડમિન્ટન : પ્રમોદ અને નિતેશ વચ્ચે SL3 ફાઇનલ

નાગોયા, તા. 22 (પીટીઆઇ) : પ્રમોદ ભગતે ત્રણ ગેમની મેરેથોન સેમીફાઇનલમાં કોરિયાના લી સેઉંઘૂને હરાવીને એશિયન પેરા ગેમ્સના SL3 મેન્સ સિંગલ્સ બેડમિન્ટન ઇવેન્ટના ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો, જ્યાં તેનો સામનો ભારતના જ નિતેશ ભગત સામે થશે જેને પગલે ભારતના ગોલ્ડ અને સિલ્વર મેડલ પાકા થયા છે. પ્રમોદે લીને 16-21, 21-18, 21-17થી હરાવ્યો હતો. નિતેશ મેન્સ સિંગલ્સ SL3માં ઇન્ડોનેશિયાના એમ ઇમરાનને 21-19, 21-16 થી હરાવીને અને તુલસીમતી સાથે ચીનના લી મિંગપન અને ઝિયાઓ ઝુક્સિયનને 21-19, 14-21, 21-17થી હરાવીને મિક્ષ્ડ ડબલ્સ SL3, SU5ની ફાઇનલમાં પહોંચ્યો હતો. નવીન શિવકુમારે ભારતના જ અભિજીત સખુજાને 21-13, 21-15થી હરાવીને મેન્સ સિંગલ્સ SL4 ની ફાઇનલમાં પહોંચ્યો હતો.

નાગોયા, તા. 22 (પીટીઆઇ) : હાથ વગરની તીરંદાજ શીતલ દેવીએ બે કલાકથી ઓછા સમયમાં બે ગોલ્ડ મેડલ જીતીને પોતાની કુશળતા સાબિત કરી, જ્યારે એથ્લેટિક્સ ટુકડીએ અહીં એશિયન પેરા ગેમ્સમાં ભારતના મેડલ ટેલીને 88 સુધી પહોંચાડવામાં સૌથી મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. ભારતની મેડલ જીતમાં પેરા એથ્લેટિક્સનો સૌથી મોટો ફાળો રહ્યો છે, જેમાં 18 ગોલ્ડ, 16 સિલ્વર અને 18 બ્રોન્ઝ મળીને કુલ 52 મેડલ જીત્યા છે.

ભારતે દિવસની શરૂઆત સારી રીતે કરી. સુવર્ણા રાજે મહિલા F54 ડિસ્કસ થ્રોમાં 15.66 મીટરના શ્રેષ્ઠ પ્રયાસ સાથે ગોલ્ડ મેડલ જીત્યો. 44 વર્ષીય વ્હીલચેર-બાઉન્ડ એથ્લીટે પોતાનું સતત પ્રદર્શન ચાલુ રાખ્યું, 15 મીટરથી વધુ ચાર વખત ડિસ્કસ ફેંકીને પોતાની કેરિયરની સૌથી મોટી જીત નોંધાવી. જેમ જેમ દિવસ આગળ વધતો ગયો તેમ તેમ ભારતની મેડલ સંખ્યા વધતી ગઈ. ભારતના કુલ મેડલની સંખ્યા 88 પર પહોંચી ગઈ, જેમાં 21 ગોલ્ડ, 26 સિલ્વર અને 41 બ્રોન્ઝનો સમાવેશ થાય છે. ભારતીય ખેલાડીઓએ પેરા-સ્વિમિંગ, પેરા-બેડમિન્ટન અને પેરા-ટેબલ ટેનિસમાં પણ મેડલ જીત્યા. દિવસના મુખ્ય આકર્ષણોમાં શૈલેષ કુમારની આગેવાની હેઠળ ભારતીય રમતવીરોએ પુરુષોની હાઈ જમ્પ T63 ઈવેન્ટમાં ક્લીનસ્વીપ કર્યું અને મહિલાઓ અને પુરુષોની 400 મીટર T47 રેસમાં અનુક્રમે અંજનાબેન બુમ્બડિયા અને દિલીપ મહાદુ ગાવિત દ્વારા ગોલ્ડ મેડલ જીત્યા.

શૈલેષ કુમારે પુરુષોની હાઈ જમ્પ T63 માં 1.89 મીટરના જમ્પ સાથે ગોલ્ડ મેડલ જીતવા માટે ગેમ્સ રેકોર્ડ બનાવ્યો. માજી પેરાલિમ્પિક્સ બ્રોન્ઝ મેડલિસ્ટ વરુણ ભાટીએ 1.84 મીટરના સિઝનના શ્રેષ્ઠ જમ્પ સાથે સિલ્વર મેડલ જીત્યો, જ્યારે રાહુલ 1.81 મીટરના જમ્પ સાથે ત્રીજા સ્થાને રહ્યો. બુમ્બાડિયાએ મહિલાઓની 400 મીટર T47 દોડમાં 59.97 સેકન્ડના સમય સાથે ગોલ્ડ, જ્યારે ભારતની જયંતિ બેહેરા 1 મિનિટ 0.65 સેકન્ડના સમય સાથે બીજા સ્થાને રહી. ત્યારબાદ ગાવિતે પુરુષોની 400 મીટર T47 દોડમાં 48.27 સેકન્ડના સમય સાથે ગોલ્ડ મેડલ જીત્યો. દિવસનો અંત લોંગ જમ્પર સોલાઈરાજ ધર્મરાજ માટે ગોલ્ડ મેડલ સાથે થયો. તેણે T44/T62/T64 સંયુક્ત ઈવેન્ટમાં 7.15 મીટરના કૂદકા સાથે એશિયન રેકોર્ડ બનાવ્યો અને પોતાનો ખિતાબ જાળવી રાખ્યો. દૃષ્ટિહીન તેજલબેન ડામોરે મહિલાઓની 400 મીટર T12 સ્પર્ધામાં 57.60 સેકન્ડના સમય સાથે સિલ્વર મેડલ જીત્યો. આ ગેમ્સમાં આ તેનો બીજો મેડલ છે. તેણે અગાઉ 200 મીટર T12 સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

આર્મલેસ તિરંદાજ શીતલે બે કલાકથી ઓછા સમયમાં બે તીરંદાજી ગોલ્ડ જીત્યા

શીતલે મહિલા કંપાઉન્ડ વ્યક્તિગત અને મિક્ષ્ડ ટીમ ઇવેન્ટમાં ગોલ્ડ જીત્યા, કુલ ત્રણ મેડલ મેળવ્યા

સ્વાતિ ચૌધરીએ W1 ઇવેન્ટમાં સિલ્વર જીતીને આ ઇવેન્ટમાં મેડલ જીતનારી પહેલી ભારતીય બની

નાગોયા, તા. 22 (પીટીઆઇ) : ભારતની હાથ વગરની તીરંદાજ શીતલ દેવીએ એશિયન પેરા ગેમ્સમાં મહિલા કમ્પાઉન્ડ વ્યક્તિગત અને મિક્ષ્ડ ટીમ ઇવેન્ટ્સમાં ગોલ્ડ મેડલ જીત્યા જ્યારે સ્વાતિ ચૌધરીએ W1 ઇવેન્ટમાં સિલ્વર મેડલ જીતીને આ કેટેગરીમાં મેડલ જીતનાર પ્રથમ ભારતીય બની ઇતિહાસ રચ્યો હતો.

તોમન કુમાર સાથે મિક્ષ્ડ ટીમ ઇવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યાના બે કલાકથી ઓછા સમયમાં શીતલે તણાવપૂર્ણ ક્ષણોમાં પણ પોતાની સ્વસ્થતા જાળવી રાખીને મહિલા વ્યક્તિગત ફાઇનલમાં સિંગાપોરની અલીમ નૂર શાહિદાને 142-139થી હરાવીને ચાલુ ગેમ્સમાં તેનો બીજો ગોલ્ડ અને એકંદરે તેનો ત્રીજો મેડલ જીત્યો. તેણે અગાઉ પાયલ નાગ સાથે મહિલા કમ્પાઉન્ડ ટીમમાં સિલ્વર મેડલ જીત્યો હતો. સ્વાતિએ મહિલાઓના W1 ફાઇનલમાં ચીનની સેન મેંગકાન સામે 4-2થી લીડ લીધા બાદ 4-6થી હારી ગઈ. આ કેટેગરીમાં ભારતનો આ પહેલો મેડલ હતો. દિવસની છેલ્લી ઇવેન્ટમાં, તોમન કુમાર પુરુષોના વ્યક્તિગત બ્રોન્ઝ પ્લેઓફમાં ચીનના ઝાંગ ચિચેંગ સામે 139-148થી હારી ગયો. ભારત પાસે હવે તીરંદાજીમાં ચાર મેડલ છે, જેમાં શુક્રવારે રિકર્વ એલિમિનેશન રાઉન્ડ યોજાશે.

સુવર્ણા રાજે મહિલા ડિસ્કસ થ્રો F54 ઇવેન્ટમાં ગોલ્ડ જીત્યો

નાગોયા, તા. 22 (પીટીઆઇ) : ભારતની સુવર્ણા રાજે આજે ગુરુવારે અહીં એશિયન પેરા ગેમ્સ એથ્લેટિક્સ સ્પર્ધામાં 15.66 મીટરના શ્રેષ્ઠ પ્રયાસ સાથે મહિલા ડિસ્કસ થ્રો F54 ઇવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. સુવર્ણાએ શાનદાર પ્રદર્શન કરીને તેના છ પ્રયાસોમાંથી ચારમાં 15 મીટરથી વધુ થઅરો કર્યો હતો. તેણે પોડિયમ ટોચ પર પહોંચવાના તેના પાંચમા પ્રયાસમાં પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. ઈરાનની શાહલા હદીદી 15.45 મીટર સાથે બીજા સ્થાને રહી, જ્યારે વિયેતનામના થી ન્ગોક થુય ન્ગુયેને 14.65 મીટર સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો.

શ્રીલંકાએ ઇંગ્લેન્ડ સામે 430 રનના બીજો સર્વાધિક લક્ષ્યાંક આંબી લીધો

બ્રુકની બેવડી સદી એળે ગઇ, પવન રત્નાયકે, અવિષ્કા ફર્નાન્ડો, દાસુન શનાકા અને જાનિથ લિયાંગે શ્રીલંકાને જીતાડી ગયા

રાવલપિંડી, તા. 22 : શ્રીલંકા, ઇંગ્લેન્ડ અને પાકિસ્તાન વચ્ચે રમાઈ રહેલી વન ડે ત્રિકોણીય સીરિઝની આજે ગુરુવારે અહી રમાયેલી ખૂબ જ રોમાંચક મેચમાં, શ્રીલંકાની ટીમે ઇંગ્લેન્ડ દ્વારા આપવામાં આવેલા 430 રનના અશક્ય લાગતા લક્ષ્યાંકને આંબી લઈને વન ડે ઇતિહાસનો બીજો સૌથી મોટો રન ચેઝ પૂર્ણ કર્યો હતો. શ્રીલંકાએ આઠ વિકેટે ગુમાવીને 49.5 ઓવરમાં 430 રન કરીને મેચ બે વિકેટે જીતી હતી.

ઇંગ્લેન્ડે હેરી બ્રુકની બેવડી સદીની મદદથી ચાર વિકેટે 429 રનનો મોટો સ્કોર બનાવ્યો હતો. 430 રનના વિશાળ લક્ષ્યનો પીછો કરતા શ્રીલંકાના બેટ્સમેનોએ હાર ન માની. પવન રત્નાયકેએ 106 બોલમાં 130રનની શાનદાર સદી ફટકારીને વિજયનો પાયો નાખ્યો. અવિષ્કા ફર્નાન્ડોએ 83 બોલમાં 97 રન અને દાસુન શનાકાએ 50 બોલમાં 97 રન બનાવ્યા હતા. જ્યારે

અંતિમ ઓવરોમાં જાનિથ લિયાંગેની 27 બોલમાં 61 રનની નોટઆઉટ આક્રમક ઈનિંગના કારણે, શ્રીલંકાએ આ યાદગાર જીત મેળવી હતી.

ઇંગ્લેન્ડ	રન	બોલ	4	6
બેન્ટન કો.લિયાંગે બો.વેલાલાગે	50	51	9	0
ડકેટ LB બો,વેલાલાગે	29	39	2	0
રૂટ કો.વેલાલાગે બો.અસિતા	69	66	8	0
બ્રુક કો.અરાચિગે બો.લિયાંગે	202	116	21	10
જેક્સ નોટઆઉટ	66	30	8	3
વધારાના	13			
કુલ (50 ઓવરમાં ચાર વિકેટે)	429			

વિકેટપતન : 1-74, 2-85, 3-244, 4-429

બોલિંગ	O	M	R	W
અસિતા ફર્નાન્ડો	10	1	68	1
દિલશાન મદુશંકા	10	0	89	0
ઇશાન મલિંગા	10	0	91	0
દુનિથ વેલાલાગે	10	0	56	2
દાસુન શનાકા	6	0	74	0
કામિન્દુ મેન્ડિસ	2	0	17	0
જનિત લિયાંગે	2	0	32	1

શ્રીલંકા	રન	બોલ	4	6
કામિન્દુ બો.ટંગ	18	16	3	1
અવિષ્કા કોએન્ડબો.ઓવરટન	97	83	11	2
કુસલ રનઆઉટ	0	0	0	0
રત્નાયકે કો.બેન્ટન બો.કરન	130	106	15	3
શનાકા કો.બેન્ટન બો.ડોસન	97	50	6	8
લિયાંગે નોટઆઉટ	61	27	7	3
અરાચિગે કો.જેક્સ બો.કરન	13	8	2	0
વેલાલાગે બો.ટંગ	8	7	1	0
મલિંગા બો.ટંગ	0	1	0	0
અસિતા નોટઆઉટ	1	1	0	0
વધારાના	5			
કુલ (49.5 ઓવરમાં આઠ વિકેટે)	430			

વિકેટપતન : 1-23, 2-24, 3-190, 4-323, 5-363, 6-406, 7-423, 8-423

બોલિંગ	O	M	R	W
ગસ એટકિન્સન	7	0	57	0
જોશ ટંગ	8.5	1	79	3
જેમી ઓવરટન	10	0	77	1
લિયામ ડોસન	10	0	71	1
સેમ કરન	9	0	103	2
વિલ જેક્સ	5	0	41	0

વન ડેમાં સર્વાધિક રન ચેઝના ટોપ ફાઇવ રેકોર્ડ

ટીમ	હરીફ	સ્કોર	રનચેઝ	સ્થળ	વર્ષ
દક્ષિણ આફ્રિકા	ઓસ્ટ્રેલિયા	434/4	438/9	જોહનિસબર્ગ	2006
શ્રીલંકા	ઇંગ્લેન્ડ	429/4	430/8	રાવલપિંડી	2026
ભારત	વેસ્ટઇન્ડિઝ	405/7	406/2	ગુવાહાટી	2026
નેધરલેન્ડ	સ્કોટલેન્ડ	369/6	374/6	ડુનેડિન	2025
દક્ષિણ આફ્રિકા	ઓસ્ટ્રેલિયા	371/6	372/6	ડરબન	2016

ટી-20માં પોતાનો સૌથી મોટો રનચેઝ કરી ભારત જીત્યું

ન્યૂઝીલેન્ડે મૂકેલા 226 રનના લક્ષ્યાંકને ભારતે 19.4 ઓવરમાં છ વિકેટે આંબી લઇ સીરિઝમાં 1-0ની સરસાઇ મેળવી

સંજૂ સેમસનની અર્ધસદી તેમજ શ્રેયસ અય્યર અને નમન ધીરની આક્રમક બેટિંગથી ભારતે જીત મેળવી

ક્રાઇસ્ટચર્ચ, તા. 22 : ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ ટી20 મેચમાં આજે ગુરુવારે ભારતે સંજુ સેમસનની શાનદાર બેટિંગ પછી અંતિમ ઓવરોમાં શ્રેયસ અય્યર અને નમન ધીરની આક્રમક બેટિંગની મદદથી ટી-20 ક્રિકેટના ઈતિહાસમાં પોતાનો સૌથી મોટો લક્ષ્યાંક સફળતાપૂર્વક પાર કરીને મેચ ચાર વિકેટે જીતી લઇને પાંચ મેચની સિરીઝમાં 1-0ની સરસાઈ મેળવી લીધી છે. પ્રથમ બેટિંગ કરતા ન્યૂઝીલેન્ડે 225 રનનો મોટો સ્કોર બનાવ્યો હતો. જેના જવાબમાં ભારતીય ટીમે મુશ્કેલ પરિસ્થિતિમાંથી બહાર આવીને બે બોલ બાકી રાખીને લક્ષ્ય હાંસલ કરી લીધું હતું.

ન્યૂઝીલેન્ડ તરફથી ગ્લેન ફિલિપ્સે અણનમ 82 અને ફિન એલને 45 રનની તોફાની ઈનિંગ રમીને યજમાન ટીમને 225 રન પર પહોંચીડી હતી. મોટો સ્કોર આંબવા ઉતરેલી ભારતીય ટીમ માટે સંજુ સેમસને 33 બોલમાં 67 રનની શાનદાર ઈનિંગ રમીને શાનદાર શરૂઆત અપાવી હતી. જોકે, મિડલ ઓવરોમાં ઝડપભેર વિકટ પડવાને કારણે મેચ રોમાંચક બની હતી. તે પછી 42 રનની ઈનિંગ રમનારા કેપ્ટન અય્યરે પહેલા અક્ષર પટેલ સાથે અને તે પછી નમન ધિર સાથેની મહત્વની ભાગીદારીએ ભારત માટે જીતનો માર્ગ નક્કી કર્યો હતો, અંતિમ ઓવરોમાં ધીરની નોટઆઉટ 42 રનની ઉપયોગી ઈનિંગ્સના આધારે ભારતે મેચ જીતી હતી.

ન્યૂઝીલેન્ડ	રન	બોલ	4	6
સૈફર્ટ કો.સેમસન બો.મયંક	24	17	3	1
એલન કો.તિલક બો.અક્ષર	45	24	5	2
મિચેલ કો.ભુવનેશ્વર બો.અર્શદીપ	28	19	2	1
ફિલિપ્સ નોટઆઉટ	82	40	8	3
બેવોન રનઆઉટ	31	16	0	3
બ્રેસવેલ નોટઆઉટ	7	6	0	0
વધારાના	8			
કુલ (20 ઓવરમાં ચાર વિકેટે)	225			

વિકેટપતન : 1-49, 2-80, 3-122, 4-195

બોલિંગ	O	M	R	W
ભુવનેશ્વર કુમાર	4	0	49	0
અર્શદીપ સિંહ	4	0	45	1
મયંક યાદવ	4	0	40	1
અક્ષર પટેલ	4	0	51	1
નીતિશ કુમાર રેડ્ડી	4	0	40	0

ભારત	રન	બોલ	4	6
સેમસન બો.સેન્ટનર	67	33	8	4
અભિષેક કો.મિલ્ને બો.બ્રેસવેલ	29	12	2	3
તિલક કો.ફર્ગ્યુસન બો.બ્રેસવેલ	6	11	0	0
શ્રેયસ કો.સેન્ટનર બો.મિલ્ને	42	28	1	2
ઇશાન કો.એલન બો.સેન્ટનર	1	3	0	0
અક્ષર કો.કોનવે બો.ફર્ગ્યુસન	24	14	3	1
નમન નોટઆઉટ	42	15	5	2
નીતિશ નોટઆઉટ	2	3	0	0
વધારાના	17			
કુલ (19.4 ઓવરમાં છ વિકેટે)	230			

વિકેટપતન : 1-93, 2-115, 3-117, 4-122, 5-167, 6-210

બોલિંગ	O	M	R	W
મેટ હેનરી	3.4	0	57	0
એડમ મિલ્ને	3	0	43	1
લોકી ફર્ગ્યુસન	3	0	34	1
માઇકલ બ્રેસવેલ	4	0	37	2
મિચેલ સેન્ટનર	4	0	39	2
નાથન સ્મિથ	2	0	20	0

ટી-20 ઇન્ટરનેશનલમાં ભારતના હાઇએસ્ટ રનચેઝ

હરીફ ટીમ	સ્કોર	રનચેઝ	સ્થળ	વર્ષ
ન્યૂઝીલેન્ડ	225/4	230/6	ક્રાઇસ્ટચર્ચ	2026
ન્યૂઝીલેન્ડ	208/6	209/3	રાયપુર	2026
ઓસ્ટ્રેલિયા	208/3	209/8	વિશાખાપટ્ટનમ	2023
વેસ્ટઇન્ડિઝ	207/5	209/4	હૈદરાબાદ	2019
શ્રીલંકા	206/7	211/4	મોહાલી	2009

સેમસન-અભિષેકની તોફાની બેટિંગથી ભારતે પાવરપ્લેમાં પોતાનો ત્રીજો સર્વાધિક સ્કોર બનાવ્યો

ક્રાઇસ્ટચર્ચ, તા. 22 : ન્યૂઝીલેન્ડ સામેની ટી-20 સીરિઝની પ્રથમ મેચમાં 226 રનના લક્ષ્યાંકને આંબવા માટે ભારત મેદાને ઉતર્યું તે પછી ભારતીય ઓપનર સંજુ સેમસન અને અભિષેક શર્માની જોડીએ શરૂઆતથી જ ન્યૂઝીલેન્ડના બોલરો પર દબાણ બનાવીને તોફાની બેટિંગ કરી ટી-20 ઇન્ટરનેશનલના પાવરપ્લેમાં પોતાનો ત્રીજો સૌથી વધુ સ્કોર બનાવ્યો હતો. આ સાથે જ સેમસન અને અભિષેકની જોડીએ એક કેલેન્ડર યરમાં પાંચમીવાર 50+ ઓપનિંગ ભાગીદારી કરીને કેએલ રાહુલ-રોહિત શર્મા અને અભિષેક શર્મા-શુભમન ગીલના રેકોર્ડની બરાબરી કરી હતી.

ટી-20 પાવરપ્લેમાં ભારતનું શ્રેષ્ઠ પ્રદર્શન

હરીફ ટીમ	સ્થળ	સ્કોર	વર્ષ
અફઘાનિસ્તાન	દિલ્હી	100/0	2026
ઇંગ્લેન્ડ	મુંબઇ	95/1	2025
ન્યૂઝીલેન્ડ	ક્રાઇસ્ટચર્ચ	94/1	2026
ન્યૂઝીલેન્ડ	ગુવાહાટી	94/2	2026
ન્યૂઝીલેન્ડ	અમદાવાદ	92/0	2026

એક કેલેન્ડર વર્ષમાં ભારત માટે સૌથી વધુ 50+ ઓપનિંગ ભાગીદારી

ઓપનીંગ પાર્ટનર	ભાગીદારી	વર્ષ
કેએલ રાહુલ-રોહિત શર્મા	5	2021
અભિષેક શર્મા-શુભમન ગિલ	5	2025
અભિષેક શર્મા-સંજુ સેમસન	5	2026
શિખર ધવન-રોહિત શર્મા	4	2018

હેરી બ્રુકે વન ડેમાં શ્રીલંકા સામે સૌથી ઝડપી બેવડી સદી ફટકારી

શ્રીલંકા સામે બ્રુકે 114 બોલમાં બેવડી સદી પુરી કરી વેસ્ટઇન્ડિઝ સામે 117 બોલમાં બેવડી સદી ફટકારનાર ગીલનો રેકોર્ડ તોડ્યો

રાવલપિંડી, તા. 22 : ઇંગ્લેન્ડના યુવા કેપ્ટન હેરી બ્રુકે અહીં રમાઇ રહેલી ત્રિકોણીય સીરિઝની ત્રીજી વનડેમાં શ્રીલંકા સામે સૌથી ઝડપી બેવડી સદી ફટકારીને ભારતના શુભમન ગીલનો રેકોર્ડ તોડ્યો હતો. તેણે માત્ર 114 બોલાં બેવડી સદી પુરી કરીને ગીલે તાજેતરમાં જ વેસ્ટઈન્ડિઝ સામે 117 બોલમાં ફટકારેલી સૌથી ઝડપી બેવડી સદીનો રેકોર્ડ તોડ્યો હતો. આ ઐતિહાસિક ઈનિંગ રમીને બ્રુક ઈંગ્લેન્ડના ક્રિકેટ ઈતિહાસમાં વન ડે ક્રિકેટમાં બેવડી સદી ફટકારનાર પ્રથમ બેટ્સમેન બન્યો હતો. બ્રુકે 116 બોલમાં 202 રનની પોતાની ઈનિંગ દરમિયાન 21 ચોગ્ગા અને 10 છગ્ગા ફટકાર્યા હતા. તેણે 96 બોલમાં 150 રન બનાવ્યા પછી બીજા 50 રન તેણે 18 બોલમાં પુરા કર્યા હતા. તેણે ઈંગ્લેન્ડ માટે વન ડે ક્રિકેટમાં સૌથી વધુ વ્યક્તિગત સ્કોરનો નવો રેકોર્ડ બનાવીને બેન સ્ટોક્સના 182 રનના વ્યક્તિગત સર્વાધિક સ્કોરના રેકોર્ડને તોડી નાખ્યો હતો. ભારતના રોહિત શર્માના નામે વન ડે ક્રિકેટમાં સૌથી વધુ ત્રણ બેવડી સદી ફટકારવાનો વિશ્વ રેકોર્ડ છે. જો કે રોહિતની એક પણ બેવડી સદી વન ડે ઈતિહાસની ટોચની પાંચ સૌથી ઝડપી બેવડી સદીમાં સામેલ નથી. વન ડે ક્રિકેટના ઈતિહાસમાં આજની સાથે કુલ 13 બેવડી સદી નોંધાય છે.

વન ડે ઇન્ટરનેશનલમાં સૌથી ઝડપી બેવડી સદીના રેકોર્ડ

બેટ્સમેન	દેશ	હરીફ	સ્થળ	બોલ	વર્ષ
હેરી બ્રુક	ઇંગ્લેન્ડ	શ્રીલંકા	રાવલપિંડી	114	2026
શુભમન ગીલ	ભારત	વેસ્ટઇન્ડિઝ	ગુવાહાટી	117	2026
ઇશાન કિશન	ભારત	બાંગ્લાદેશ	ચિત્તાગોંગ	126	2022
ગ્લેન મેક્સવેલ	ઓસ્ટ્રેલિયા	અફઘાનિસ્તાન	મુંબઇ	128	2023
પથુમ નિસાંકા	શ્રીલંકા	અફઘાનિસ્તાન	પલ્લેકલ	136	2024

હેડની લડત છતાં દક્ષિણ આફ્રિકાએ બીજી ટેસ્ટ એક દાવથી જીતી

દક્ષિણ આફ્રિકાના પ્રથમ દાવના 9 વિકેટે 425 રન સામે ઓસ્ટ્રેલિયા બંને દાવ મળીને 394 રન બનાવી શકી

રબાડા, મુલ્ડર, હાર્મર મળીને ઓસ્ટ્રેલિયન બેટિંગ લાઇનઅપને સ્થિર થવાની તક ન આપી

કાબેરહા, તા. 22 : અહીંના સેન્ટ જ્યોર્જ પાર્ક ખાતે રમાયેલી બીજી ટેસ્ટના આજે ગુરુવારે અંતિમ દિવસે ટ્રેવિસ હેડની સદી અને સ્કોટ બોલેન્ડ તેમજ એલેક્સ કેરીની લડત છતાં ઓસ્ટ્રેલિયાનો બીજો દાવ 295 રનમાં સમેટાતા દક્ષિણ આફ્રિકાએ એક દાવ અને 31 રનથી ટેસ્ટ જીતીને સીરિઝ 1-1ની બરાબરી પર મૂકી હતી.

ફોલોઓન પછી બીજા દાવમાં ઓસ્ટ્રેલિયાએ હેડની સદીની મદદથી વધુ સારું પ્રદર્શન કર્યું. જ્યારે સ્કોટ બોલેન્ડે પણ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. આમ છતાં, દક્ષિણ આફ્રિકાના બોલરોએ સતત વિકેટો લેવાના કારણે ઓસ્ટ્રેલિયાની વાપસી કરવાની આશાઓ પર પાણી ફરી વળ્યું હતું. દક્ષિણ આફ્રિકા વતી કાગીસો રબાડાએ ચાર, વિઆન મુલ્ડરે ત્રણ અને સિમોન હાર્મરે બે તેમજ યાન્સને એક વિકેટ લીધી હતી. મુલ્ડરે હેડ, બોલેન્ડ અને કમિન્સને બોલ્ડ કર્યા હતા.

દક્ષિણ આફ્રિકા પ્રથમ દાવ425/9 ડિકલેર

ઓસ્ટ્રેલિયા પ્રથમ દાવ 99

ઓસ્ટ્રેલિયા બીજો દાવ	રન	બોલ	4	6
મેડિનસન કો.રિકલ્ટન બો.રબાડા	8	10	2	0
હેડ બો.મુલ્ડર	121	190	15	0
લાબુશેન કો.યાન્સન બો.હાર્મર	39	98	4	0
રેન શો બો.રબાડા	11	23	2	0
વેબસ્ટર LB બો.હાર્મર	8	33	0	0
બોલેન્ડ બો.મુલ્ડર	40	166	6	0
સ્મિથ કો.બ્રિટઝકે બો.રબાડા	3	20	0	0
કેરી નોટઆઉટ	37	69	4	0
કમિન્સ બો.મુલ્ડર	4	8	1	0
સ્ટાર્ક બો.રબાડા	11	28	1	0
હેઝલવુડ કો.માર્કરમ બો.યાન્સન	0	2	0	0
વધારાના	13			
કુલ (107.1 ઓવરમાં ઓલઆઉટ)	295			

વિકેટપતન : 1-8, 2-100, 3-123, 4-150, 5-209, 6-225, 7-256, 8-262, 9-290, 10-295

બોલિંગ	O	M	R	W
કગિસો રબાડા	23	3	77	4
માર્કો યાન્સન	17.1	3	34	1
વિઆન મુલ્ડર	21	5	64	3
સિમોન હાર્મર	39	8	93	2
એડન માર્કરમ	7	1	18	0

અનુસંધાન ... પાના ચોથાનું

ભારત સરકારે...

આ એડવાઈઝરી એવા સમયે આવી છે જ્યારે ફ્રાન્સ વ્યાપક વિરોધ પ્રદર્શનો અને રમખાણોનો સામનો કરી રહ્યું છે, જે હાઈ સ્કૂલોની ખરાબ સ્થિતિઓને લઈને વિદ્યાર્થીઓના પ્રદર્શનોથી શરૂ થયા હતા, જે હવે ફુગાવા તથા જીવનનિર્વાહના ખર્ચ વિરુદ્ધ વ્યાપક સરકાર વિરોધી પ્રદર્શનમાં ફેરવાયા છે. આ અશાંતિ દરમિયાન લૂંટફાટ, આગચંપી અને પ્રદર્શનકારીઓ તથા પોલીસ વચ્ચેની અથડામણોની ઘટનાઓ બની છે. ભારતીય મિશને નાગરિકોને સ્થાનિક સમાચાર અહેવાલો અને ફ્રેન્ચ સરકારની વેબસાઈટ, gouvernement.fr પર સત્તાવાર અપડેટ્સ દ્વારા માહિતગાર રહેવા જણાવ્યું છે.

હોર્મુઝમાં સાત તેલ...

આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે ૨૭ ઓક્ટોબરની ચૂંટણીમાં નેતન્યાહુની સ્પષ્ટ જીતનો અર્થ એ છે કે હુમલો લગભગ નિશ્ચિત છે. મુખ્ય વિપક્ષી ઉમેદવારો પહેલા સ્થાનિક મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે તેવી શક્યતા છે, પરંતુ સિટ્રિનોવિચે કહ્યું કે તેઓ માને છે કે આ પ્રદેશ તનાવ વકરવા તરફ આગળ વધી રહ્યો છે. ઈરાનના સરકારી ટેલિવિઝને જહાજો પરના તાજેતરના હુમલાઓ અંગેના દાવાઓ અહેવાલ કર્યા હતા, જેની AP સ્વતંત્ર રીતે પુષ્ટિ કરી શક્યું નથી. આ અહેવાલમાં રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ નેવીનો સંદર્ભ આપવામાં આવ્યો હતો, જેણે જો અમેરિકા હોર્મુઝની સમુદ્રધૂનીમાંથી વ્યાપારી જહાજોને માર્ગદર્શન આપવામાં મદદ કરવાનું ચાલુ રાખશે તો પ્રદેશમાં આવેલ યુએસ સૈન્ય મથકો પર પ્રહાર કરવાની ફરીથી ધમકી આપી હતી. અહેવાલમાં કોઈ જાનહાનિનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. ઈરાન હજુ પણ આ જળમાર્ગ પર પોતાનું નિયંત્રણ હોવાનો દાવો કરે છે, જે અમેરિકા સાથે યુદ્ધ અંગેની કોઈપણ વાટાઘાટોમાં દબાણ લાવવા માટેનું મુખ્ય બિંદુ છે.

ઈઝરાયેલના સ્વતંત્રતા...

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાત કરી હતી અને તેમને ઈઝરાયેલના સ્વતંત્રતા દિવસે એક બહાદુર ભારતીય પાયલટ સાથે મશાલ પ્રગટાવવા માટે આમંત્રિત કર્યા હતા,' એમ નેતન્યાહૂએ જણાવ્યું હતું, જેઓ હાલમાં પુનઃચૂંટણી માટેની એક કાંટાની ટક્કર વચ્ચે છે. 'મોદીએ નિમંત્રણ બદલ મારો આભાર માન્યો અને કહ્યું કે, જમીન પર અને હવામાં, ભારત અને ઈઝરાયેલ આતંકવાદ સામે મળીને લડી રહ્યા છે,' નેતાન્યાહુએ આ હિન્દી અને હિબ્રુ બંને ભાષાઓમાં લખ્યું હતું. મોદી અને નેતાન્યાહૂએ ભારત-ઈઝરાયેલ સંબંધોમાં જળવાયેલી સતત ગતિશીલતાને પણ આવકારી હતી અને બંને દેશો વચ્ચેની 'સ્પેશિયલ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ'ને વધુ મજબૂત બનાવવાની તેમની સહિયારી કટિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. વડાપ્રધાન કાર્યાલય(PMO) એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'નેતાઓએ પશ્ચિમ એશિયાના તાજેતરના ઘટનાક્રમ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું અને ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા પુનઃસ્થાપિત કરવાની તાકીદની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. વડાપ્રધાન મોદીએ આગળ વધવાના માર્ગ તરીકે સંવાદ અને રાજદ્વારી નીતિ માટેના ભારતના આહ્વાનનો પુનરોચ્ચાર કર્યો હતો.' X પર એક પોસ્ટમાં મોદીએ કહ્યું કે તેમને ઈઝરાયેલના વડાપ્રધાનનો ફોન આવ્યો હતો.